# ચિલોડા પંથકની વધુ ચાર દુકાનોનાં તાળા તુટયા...!



## રાત્રી દરમિયાન અશ્વમેઘ કોમ્પ્લેક્ષ, શકિત કોમ્પ્લેક્ષમાં તસ્કરો ત્રાટકયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક ચિલોડા પંથકમાં ગઈ રાત્રી દરમિયાન તસ્કર ટોળકીએ વધુ એક વાર તરખાટ મચાવ્યો હતો.અશ્વમેઘ કોમ્પ્લેક્ષ, શકિત કોમ્પ્લેક્ષ તથા ચિલોડા પાસે યુનિયન બેંક નજીકની બે દુકાનો મળી ચાર દુકાનોને ટાર્ગેટ બનાવી તસ્કરોએ તાળા તોડયા હતાં. જો કે કોઈ માલ મત્તાની ચોરી ન થતાં પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.

વાઈબ્રન્ટ સમીટ પહેલા તાજેતરમાં જ ચિલોડા પાસે દુકાનો તથા મંદિરોમાં તસ્કરોએ હાથફેરો કર્યો હતો ત્યારે વધુ એક વાર તસ્કર ટોળકીએ ચિલોડા પંથકને જ ટાર્ગેટ બનાવી હતી. ગઈ રાત્રી દરમિયાન ત્રાટકેલા તસ્કરોએ અશ્વમેઘ કોમ્પ્લેક્ષની કરીયાણાની એક દુકાન, શકિત કોમ્પ્લેક્ષમાં આવેલી ગેસ એજન્સીના તાળા તસ્કરોએ તોડયા હતાં. ત્યાંથી કોઈ મોટી માલ મત્તા ન મળતાં ચિલોડા સર્કલ નજીક યુનિયન બેંક પાસેની શોપીંગને ટાર્ગેટ બનાવી હતી. તસ્કરોએ આ શોપીંગમાં સ્થિત જય અંબે મોબાઈલ શોપ અને જય અંબે પાર્લરના તાળા પણ તોડી નાંખ્યા હતા. જો કે ત્યાંથી પણ કોઈ ખાસ મળ્યું ન હોવાનું જાણવા મળ્યું છે. એક રાત્રીમાં થયેલી ચાર ઘરફોડ ચોરીના પ્રયાસ અંગે વેપારીઓએ પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

## ગાંધીનગરમાં ૧૮મીએ પોલિયો રવિવાર

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં તા. ૧૮મી જાન્યુઆરી પોલિયો રવિવારનું આયોજન કરાયું છે. ભારતમાં છેલ્લા સતત ૩ વર્ષથી પોલિયોનો એક પણ કેસ નોંધાયેલ નથી. પરિણામને ભારતને અને સાઉથ ઈસ્ટ એશિયા રીજીયનને પોલિયો મુકિતનું પ્રમાણપત્ર વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા એનાયત થઈ રહ્યું છે. પોલિયો નાબૂદીના પ્રયાસમાં પોલિયો નાબૂદી અભિયાનનું ૧૯૯૫થી અમલીકરણ થઈ રહ્યું છે. જેના ભાગ સ્વરૂપે ૧૮મી જાન્યુઆરી ૨૦૧૫નાં રોજ સમગ્ર દેશનાં પાંચ વર્ષથી નાના તમામ બાળકોને પોલિયોનાં બે ટીપા પીવડાવી રક્ષિત કરવાનાં થાય છે. પાંચ વર્ષથી નાનું કોઈ પણ બાળક અભિયાન દરમિયાન રસીથી વંચિત ન રહે તે માટે તમામ સેકટરોમાં એકથી વધુ કેન્દ્રોનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પણ પોલિયો નાબૂદી અભિયાન અંતર્ગત કુલ ૧૦૭ બુથ, ૫ મોબાઈલ અને ૩ ટ્રાન્ઝીટ પોઈન્ટ દ્વારા અંદાજે ૨૮૦૦૦ બાળકોને પોલિયોનાં બે ટીપા પીવડાવવાનું આયોજન કરેલ છે. આ અભિયાનમાં અંદાજે ૫૦૦થી વધુ વ્યકિતઓ સ્વેચ્છાએ જોડાયેલ છે. જેમાં મુખ્યત્વે શેઠ સી.એમ. પટેલ નર્સીંગ કોલેજની બહેનો, આંગણવાડી કાર્યકર, આરોગ્ય કાર્યકર, આઈટીઆઈના વિદ્યાર્થીઓ છે. સામાન્ય જનતામાં પોલિયો દિવસની જાણકારી માટે પ્રચાર પ્રસાર અભિયાન પણ કરવામાં આવી રહેલ છે. ૧૯૯૫થી ચાલતાં આ અભિયાનમાં નગરજનોનો ઘનિષ્ઠ સહયોગ પ્રાપ્ત થયો છે.

## શુક્રવારે માણસા તાલુકામાં સર્વરોગ આયુર્વેદ નિદાન-સારવાર કેમ્પ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર તાલુકાના માણસા તાલુકામાં જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા તા. ૧૬મી જાન્યુઆરી શુક્રવારે સર્વરોગ આયુર્વેદ નિદાન-સારવાર મેગા કેમ્પનુંઆયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ માણસા તાલુકાના રીદ્રોલ મુકામે અને પરબતપુરા મુકામે સવારે૯.૩૦થી બપોરના ૧.૩૦વાગ્યા દરમ્યાન યોજાશે. આ નિદાન-સારવાર કેમ્પમાં સંધિવાત, કમરનો દુઃખાવો, સ્ત્રીરોગ, સફેદ પાણી પડવુ, પેટના દર્દો, અમ્લપિત્ત, કબજિયાત, ચામડીના દર્દો, ખીલ, ખરજવુ, ખરતા વાળ, દૌર્બલ્યતા, જુની શરદી, સ્વાસ, ડાયાબીટીશ, પથરી, હરસ-મસા, બ્લડપ્રેશર જેવા રોગોનું આયુર્વેદિક પદ્ધતિથી નિદાન તથા સારવાર કરવામાંઆવશે.

## શિયાળાનો પૌષ્ટિક આહાર કઠોળ પણ મોંઘુ દાટ, ફાટફાટ થતી મોંઘવારી તમાશો બની

### મોંઘવારી કાબુમાં હોવાના દાવા પોકળ, ઠંડી ઋતુમાં ઉપયોગી આહાર સામાન્ય માનવી માટે દોહ્યલો

ગાંધીનગર તા. ૮

સમગ્ર દેશ મોંઘવારીના વમળમાં એવો ફસાયેલો છે કે તેમાંથી બહાર આવવુ મુશ્કેલ બન્યુ છે. જેમાં સૌથી વધુ અસરો ગરીબ અને મધ્યમ વર્ગને થઈ રહી છે. શિયાળામાં પૌષ્ટિક આહાર તરીકે વધુ જેની માંગ રહે છે તે કઠોળ ગત વર્ષ કરતાં મોંઘુ થયું છે. ભાવો ઉતરવાનું નામ જ લેતા નથી. ચુંટણી સમયે મોંઘવારીને મુદ્દો બનાવી વિજય બનતા પ્રજાના પ્રતિનિધિઓ સામાન્ય માનવીના મોં નો કોળિયો પણ સહજતાથી ઉપલબ્ધ કરાવી શકતા નથી અને ફાટફાટ થતી મોંઘવારી તમાસો બની ગઈ છે. જીવન જરૂરિયાતની ચિજવસ્તુઓના ભાવો નિયંત્રીત બને તે હાલમાં દરેક નાગરિક માટે આવશ્યક હોવાનું સંજોગા આધિન લાગી રહ્યુ છે.

દેશમાં ત્રણ ઋતુઓનું અસ્તિત્વ બનેલું છે. જેમાં ઋતુ પ્રમાણે માનવી આહાર લેતા હોય છે અને શિયાળોએ આહાર માટે શ્રેષ્ઠ મનાય છે. આ ઠંડી ઋતુમાં ઉપયોગી એવા સુકામેવા તથા કઠોળએ પૌષ્ટિક આહાર ગણાય છે. જેમાં સુકો મેવો તો સામાન્ય માનવીની ખરીદશકિત બહાર હોવાનું મનાય છે પરંતુ કઠોળે પણ ગરીબ અને મધ્યમવર્ગના માનવીથી મોં ફેરવી લીધુ છે. ગતવર્ષ કરતાં દસથી પંદર ટકા મોંઘા બનેલા કઠોળ ઠંડી ઋતુમાં પણ પરસેવો વાળી દે છે. સિઝનમાં ભરવા લાયક કઠોળ મોંઘવારીમાં કિલોની ગણતરીથી જ ખરીદાય છે.

કહેવાય છે કે કઠોળએ ઓછા વરસાદે વધારે થાય અને વધારે વરસાદે બગડી જાય છે તે મુજબ ચાલુ વર્ષે વધુ વરસાદના કારણો હેઠળ ઓછો પાક ઉતર્યો હોવાથી ભાવો સ્થિર અને વધ્યા છે. જો કે ભાવોના સીધો ફાયદો ખેડુતોને મળતાં વેપારી વર્ગ જ મેળવી રહ્યો હોવાનું ખેડુતો જણાવી રહ્યા છે અને આડકતરી રીતે મોંઘવારીને પ્રોત્સાહીત કરે છે. જો કે આ તમામ પરિબળો વચ્ચે સરકારની ભુમિકા નહીવત રહી હોવાનો દાવો પણ ખેડુતોએ કર્યો છે. આ તમામ બાબતોમાં સામાન્ય માનવી પિસાતો રહે છે અને સિઝનના શ્રેષ્ઠ આહારથી પણ વંચિત બને છે.

ગૃહિણીઓ પણ કઠોળના ઉંચા ભાવ થકી લાચારી અનુભવે છે અને ઘરમાં પોતાના બજેટને સમતોલ રાખવા ચલાવી લેવાની ભાવના રાખે છે. જેથી પેટ્રોલ, ડિઝલના ઘટતા ભાવથી મોંઘવારી ઘટી હોવાના પોકળ દાવા વચ્ચે આહારના ભાવો મોંઘવારીને માંચડે ચડાવી રહ્યા છે. જે માટે સરકાર ચોક્કસ પગલાં લઈ ભાવો કાબુમાં લાવે તેવી માંગ ઉઠી છે.

## આર.ટી.ઓ.માં ૧૪ હજાર હાઈ સિકયુરીટી નંબર પ્લેટનો ભરાવો

### નંબર પ્લેટ ફીટ કરવા આર.ટી.ઓ. તંત્ર દ્વારા અભિયાન હાથ ધરાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીમાં હાઈ સિકયુરીટી નંબર પ્લેટનો ઢગ ખડકાયો છે. આર.ટી.ઓ.ના એચ. એસ. આર. પી. કાઉન્ટરમાં ૧૪ હજાર નંબર પ્લેટ તૈયાર થયેલી પડી છે. પરંતુ વાહનમાલિકો નંબર પ્લેટ ફીટ કરાવવા ન આવતા આખરે પ્લેટ લગાવવાની પ્રથમ શરૂઆત કરવામાં આવી હતી. વાહનોની સલામતી માટે અત્યંત મહત્વની હાઈ સિકયુરીટી નંબર પ્લેટ અન્વયે વાહન નોંધણી દરમિયાન જ વાહન માલિકો પાસેથી ફી પણ વસુલી લેવામાં આવે છે. જયારે નંબર પ્લેટ તૈયાર થઈ જાય ત્યારબાદ વાહનમાલિકોને એસ.એમ.એસ. આર.ટી.ઓ. કચેરીમાં હાલ નંબર પ્લેટનો ઢગ ખડકાયો છે. આરટીઓના એચ.એસ.આર.પી. કાઉન્ટર પર બેકલોગનો ઢગ ખડકાયો છે. દિન પ્રતિદિન આ નંબર પ્લેટની સંખ્યા પણ વધી રહી છે. આ સ્થિતિને ધ્યાને લઈ એ.આર.ટી.ઓ. ઋત્વિજા દાણીએ કલોલ, માણસા સહીતના સ્થળોએ




આરટી.ઓ. તંત્ર દ્વારા આ અન્વયે કેમ્પનુંઆયોજન કરવામાંઆવનાર છે.

નગરના 'ગ' માર્ગ પર સ્થિત હાઈટેક આર.ટી.ઓ. કચેરી દ્વારા વાહનોમાં હાઈસિકયુરીટી નંબર મારફતે જાણ પણ કરી દેવામાં આવે છે. પરંતુ લાંબા સમયથી વાહનમાલિકો નવા વાહનમાં એચ.એસ.આર.પી. ફીટ કરાવવાના મામલે રસ ન દાખવતા નંબર પ્લેટ લગાવવા કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં વાહનોમાં નંબર પ્લેટ ફીટ કરવા અભિયાન હાથ ધરાશે.

## ચિલોડા પંથકમાં એક પુત્રવાળાને ઉત્તરાયણ ભારે હોવાની અફવાએ ગ્રામજનોને દોડતા કર્યા

ચિલોડા, તા. ૧૩

વા વાયા ને નળિયુ ખસ્યુ... ઉત્તરાયણ પર્વ દરમ્યાન ચિલોડા પંથકમાં આજે વહેલી સવારથી એક અફવાએ જોર પકડ્યુ હતુ. અને જોતજોતામાં સમગ્ર પંથકની જનતા આ અંધશ્રદ્ધાની લપેટમાં આવી ગઈ હતી. આ અફવા મુજબ આ વર્ષની ઉત્તરાયણ એક પુત્ર ધરાવતા પરિવાર માટે ભારે હોવાની વાત ચગવા પામી હતી અને આ ભાર ઉતારવા એક પુત્ર ધરાવનારે તેના જેવા અગિયાર પરિવારોને અગિયાર ચોકલેટ વહેંચવી પડશે તેવી વાત ઉડી હતી.

બપોર સુધીમાં આ અંધશ્રદ્ધા વંટોળની માફક સમગ્ર પંથકમાં ફેલાઈ જતા ગ્રામજનોમાં જેનો પરિવાર એક પુત્ર ધરાવતો હતો તેઓ તેમના જેવા પરિવારોને શોધી ચોકલેટનું વિતરણ કરવામાં બધા અગત્યના કામ પડતા મુકી જોતરાઈ ગયા હતા. આજના વાઈબ્રન્ટ ગુજરાતના યુગમાં પણ હજુ આ પ્રકારની અંધશ્રદ્ધા અને માન્યતાઓ દ્વારા કેટલાક તત્વો ગરીબ લોકોની ભીરૂ પ્રકૃતિનો ઉપયોગ કરી તેમને હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકી શકે છે તેનો આ ઉત્તમ નમૂનો જોવા મળ્યો હતો.

## ખેડૂતોના પ્રશ્નોના ઉકેલ માટે ચાર મંત્રીઓની પેટા સમિતિની રચના

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યના ખેડૂતોના પ્રશ્નોના નિરાકરણ માટે આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ચાર મંત્રીઓની એક પેટા સમિતિની રચના કરવામાં આવી છે.

રાજ્ય સરકારે વર્ષ-૨૦૧૪-૧૫ કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરીને ગુજરાતના ખેડૂતો દ્વારા ખેત ઉત્પાદનમાં વધારો કરવા, ખેડૂતોને સિંચાઈ માટેનું વધુ પાણી મળે, નર્મદા યોજનાનું કામ ઝડપથી પુરૂ થાય, પુરતી વીજળી મળી રહે, ઉત્તમ બિયારણ મળે, ખેડૂતોના ઉત્પાદનો વેચવા માટે માર્કેટ યાર્ડમાં વધુ સારી વ્યવસ્થા ઉપલબ્ધ થાય તથા ખેડૂતોના ઉત્પાદનના સંગ્રહ માટે ગોડાઉનોની સુવિધા ઉપલબ્ધ થાય તેમજ પશુપાલકો વધુ દૂધ ઉત્પાદન મેળવી શકે અને દૂધ સહકારી મંડળીઓ દ્વારા યોગ્ય અને વ્યાજબી સગવડો અને યોગ્ય ભાવ મળી રહે તે માટે સઘન આયોજન કરીને રાજ્ય સરકારે બજેટમાં અનેકગણી જોગવાઈઓ કરી છે.

ખેડૂતો દ્વારા તેમના પ્રશ્નો અંગેની રજુઆતો સરકારમાં મળતી રહે છે તેમજ ભારતીય કિસાન સંઘ અને અન્ય ખેડૂત સંગઠનો તરફથી પણ ખેડૂતોના વિવિધ પ્રશ્નોની રજુઆતો સરકારમાં મળે છે તેના નિવારણ માટે મંત્રીઓની પેટા સમિતિ બનાવવામાં આવી છે.

આ પેટા સમિતિ ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા અંગે નીતિ વિષયક નિર્ણય લેશે. ખેતી નિયામકે બેઠક માટેના એજંડા એકત્રિત કરવા બેઠક અંગેની કાર્યવાહી નોંધ તૈયાર કરવા સહીતની કામગીરી કરવા ઉપરાંત બેઠકમાં લેવાયેલા નિર્ણયોનો અમલીકરણ અહેવાલ મેળવી સમિતિની બેઠકમાં રજુ કરવાની કામગીરી કરવાની રહેશે.



## ગરીબ બાળકોને પતંગ મળતાં ખીલી ઉઠયાં

મકરસંક્રાંતિના તહેવાર નિમિત્તે નવ નિર્માણ સેનાએ નગરના ગરીબ બાળકોને પતંગો વહેંચીને તેમના ચહેરા પર સ્મિત રેલાવ્યું હતું. આ પ્રસંગે નવનિર્માણ સેનાના પ્રમુખ અને ગુજરાતી ટીવી સિરિયલોના અભિનેતા જનક ઠક્કર ઉપસ્થિત રહ્યા હતાં. નવ નિર્માણ સેનાએ બાળકોને વહેંચેલા પતંગો પર 'પક્ષી બચાવો' નો સંદેશો પણ છપાવ્યો હતો.

## પતંગ ઉડાવો પણ પક્ષીઓની કાળજી રાખો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં ગીર ફઉન્ડેશન દ્વારા ઉત્તરાયણના તહેવાર નિમિત્તે આકાશમાં વિહરતા પક્ષીઓ ઘાયલ ન થાય અને આ વર્ષે દોરીથી મૃત્યુ પામતા પક્ષીઓની સંખ્યામાં ઘટોડા થાય તે રીતે પતંગ ઉડાડવા અનુરોધ કરાયો છે. ગીર ફાઉન્ડેશન દ્વારા લોકોને જેમ પતંગ ઉડાડવામાં આનંદ મળે છે તેમજ અન્ય જીવો જેવા કે પક્ષીઓને પણ આનંદથી જીવવા મળે તે માટે તેમની કાળજી રાખવા વિનંતી કરવામાં આવી છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૪

સૂર્યાસ્ત : ૬.૧૫

### તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડિ.સે.

લઘુત્તમ : ૯.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૩૩ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

તેવર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

તેવર : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦,

સ્ક્રીન-૩ :

આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

પી.કે. : ૧.૦૦, ૭.૦૦

**સિનેમેક્સ**

: સ્ક્રીન-૧ :

તેવર : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦

: સ્ક્રીન-૨ :

તેવર : ૧૦.૦૦, ૧.૨૦, ૪.૪૦, ૮.૦૦

સ્ક્રીન-૩ :

તેવર : ૧૧.૧૫, ૨.૩૫, ૯.૦૦

બે યાર (ગુજરાતી) : ૫.૫૫

સ્ક્રીન-૪ :

આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૧૦.૨૦, ૪.૧૦, ૧૦.૦૦

પી.કે. : ૧૨.૫૫, ૬.૪૫

**સિટીપલ્સ**

: સ્ક્રીન-૨ :

તેવર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

સિંઘમ રિટર્ન્સ : ૨.૦૦

ટેકન (અંગ્રેજી) : ૧૨.૦૦, ૫.૦૦, ૭.૧૫, ૯.૩૦

સ્ક્રીન-૪ :

તેવર : ૧૦.૦૦

પી.કે. : ૧૨.૪૫

આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૫ :

તેવર : ૧૧.૦૦

પી.કે. : ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

### આપની આજ

**મેષ** : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**વૃષભ** : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

**મિથુન** : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

**કર્ક** : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

**સિંહ** : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પાપ્તિનો યોગ.

**કન્યા** : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

**તુલા** : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

**ધન** : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

**મકર** : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

**કુંભ** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

**મીન** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.

### ચિરવિદાય

- સ્વ. કંચનબેન પરસોત્તમદાસ દાસવાની (ઉ.વ.૬૨) બી-૧૦૪, પ્રમુખ બંગ્લોઝ, ઉવારસદ, તા.જી. ગાંધીનગર
- સ્વ. રાણા વિલાસબા સતુસિંહ (ઉ.વ.૪૦) મુ. નવા ધરમપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. શ્રીરામલુ નવનીત ક્રિશ્ચયન (ઉ.વ.૪૭) મુ.પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર કાન્તીજી કલ્યાણજી (ઉ.વ.૭૦) મુ. શિહોરી તા.જી. ગાંધીનગર
- સ્વ. રામસિંહ લતુસિંહ મકવાણા (ઉ.વ.૫૫) પ્રતાપનગર, મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર